ગુજરાત સમાચાર, ગાંધીનગર. ૯૬.
તારીખ :- ૦૩/૦૧/૨૦૨૫

## અક્ષરધામ સહિતના પાંચ સ્ટેશન ઉમેરાશે

# મેટ્રો ટ્રેન જાન્યુ.ના બીજા સપ્તાહથી મહાત્મા મંદિર સુધી દોડશે

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદથી ગાંધીનગર વચ્ચે અવર-જવર કરનારા મુસાફરો માટે રાહતના સમાચાર છે. જાન્યુઆરીના બીજા સપ્તાહથી ગાંધીનગરના મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડતી થઈ જશે. જેની સત્તાવાર જાહેરાત આગામી ટૂંક સમયમાં કરાશે.

## મેટ્રો ટ્રેનના આગામી તબક્કામાં થલતેજથી ગોધાવી, એરપોર્ટ રૂટને આવરી લેવાનું આયોજન

હાલમાં સચિવાલય સુધી દોડાવવામાં આવતી મેટ્રો રેલને હવે વધુ પાંચ સ્ટેશન અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪, અને અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી આગળ વધારવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડાવવા માટેની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. હવે જાન્યુઆરીના બીજા સપ્તાહ સુધીમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડતી થઈ જશે અને તેની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરાશે. મહાત્મા મંદિર સુધી કામગીરી પૂર્ણ થવાથી અમદાવાદ અને ગાંધીનગરના કુલ ૬૮ કિલોમીટરના રૂટ પરના ૫૩ સ્ટેશનોને મેટ્રો રેલની કનેક્ટિવિટી મળશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેનની કામગીરી પૂર્ણ થયા બાદ નવા તબક્કાની કામગીરી શરૂ થશે. જેમાં મેટ્રો ટ્રેનને થલતેજથી ગોધાવી સુધી, એરપોર્ટ રૂટ અને ગિફ્ટ સિટી એક્સ્ટેન્શનનો સમાવેશ થાય છે. આ રૂટ માટે હાલ અંતિમ મંજૂરીની રાહ જોવાઈ રહી છે.